eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 131
February 21, 2008

## સેન્ટ્રલ ઝોનની કામગીરી

સુરત શહેરના સેન્ટ્રલઝોન વિસ્તારમાં ગોપીપુરા જૈન પેઢી પાસે આવેલ વોર્ડ નં.૧૦ નોંધ નં.૧૩૯૩ વાળી મિલ્કતમાં સે.ઝોન/આ/નં.૨૯ તા.૨૩/૫/૦૬ થી મંજુર થયેલ પ્લાન મુજબ વિરુધ્ધ મિલ્કતદાર શ્રી રોહિતકુમાર એન.લાકડાવાલા ધ્વારા ભોંયતળીએ રસ્તા તરફે ૧.૫ મી નું માર્જીન કવર્ડ કરી રહેઠાણના બદલે દુકાન બનાવેલ.

વધુ માટે કલીક કરો >>>>>>

## વરાછામાં આવેલ અમરદીપ સોસાયટી તોડવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ બાબત

પૂર્વઝોન(વરાછા)માં ટી.પી.સ્કીમ નં.૨૦ (નાના વરાછા–કપાદ્રા), ફા.પ્લોટ નં.૧૭,૮૯ અને ૯૮ માં મોતીનગરની સામે આવેલ અમરદીપ સોસાયટીની ફરતે ૧૨.૦, ૩૬.૦ તથા ૩૦.૦ મીટરના ટી.પી.રસ્તાઓ આવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## કર્મચારીઓને મતદાન કરવા જઈ શકે તે માટે વારાફરતી ત્રણ કલાકની રજા આપવા અંગે

આગામી સુરત મહાનગરપાલિકાનાં ઈલેકશન વોર્ડ નં.૩૫ થી ૩૮ ની સામાન્ય ચુંટણી તા.૧૭–૦૨–૨૦૦૮ રવિવારનાં રોજ હોય, સુરત મહાનગરપાલિકાનાં ચુંટણી હેઠળનાં સમગ્ર હદ વિસ્તારમાં આવેલ જે સંસ્થાઓને મુંબઈ દુકાનો અને સંસ્થાઓનાં અધિનિયમ–૧૯૪૮ અન્વયે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## ગ્લોસ્ટર (યુ. કે.)ના મા. મેયર મી. હરજીત ગીલની સુરત મહાનગરપાલિકાની મુલાકાત



ગ્લોસ્ટર (યુ. કે.)ના મા. મેયર મી. હરજીત ગીલ સુરત મહાનગરપાલિકાની મુલાકાતે આવેલ. જેઓ ગ્લોસ્ટરના પ્રથમ એશિયન મેયર બન્યા છે. કમિશનરશ્રી એસ. અપર્ણાએ મેયરશ્રી હરજીત ગીલનું સ્વાગત કરતા જણાવ્યું કે સુરત શહેરની ઐતિહાસીક અને ભૌગોલીક પ્રશ્ચાદ ભૂ માં સુરતની હાલની વસ્તી, વિસ્તાર અને ગીચતા સાથે સુરત મહાનગરપાલિકાના વિવિધ પ્રકલ્પો અને વિકાસ કામોની ઝાંખી કરાવતા જણાવ્યું હતુ કે સુરત એક વિકાસ પામતુ શહેર છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાના શ્રીમતી ગાયત્રી જરીવાલાને સીનીયર સાયન્ટીસ્ટની કેટેગરીમાં મળેલ એવોર્ડ

**National Institute of malaria Research Delhi TYF National Vector Borne Diseases control program Delhi** ગત તા.૧૫/૨/૨૦૦૮ થી ૧૭–૨/૨૦૦૮ દરમ્યાન પૂરી–ઓરીસ્સા ખાતે **National Academy of Vector Borne Diseases Bhuvaneshwar** ના સાનિધ્યમાં **"Vector Borne Diseases"** વિષય પર ત્રણ દિવસનો **International Symposium** નું આયોજન કરવામાં આવેલ.



વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વઝોન(વરાછા)માં પ્રતિબંધિત પ્લાસ્ટીકની થેલી અને માવાના કાગળો રાખવા તેમજ જાહેર ન્યુસન્સ અટકાવવા માટે લેવાયેલ પગલા

સરકારશ્રીના પરિપત્ર અનુસાર "નિર્મળ ગુજરાત – નિર્મળ સુરત વર્ષ ૨૦૦૮" અન્વયે શાળાઓની આસપાસ ૧૦૦ મીટર વિસ્તારમાં પાન/માવા/ગુટખા/તમાકું વેચાણ કરવા બદલ તેમજ પાનગલ્લાઓ પર પ્રતિબંધિત માવાના કાગળો વાપરવા બદલ.

વધુ માટે કલીક કરો >>>>>>

## લખપતિ હેલ્થ સેન્ટર અને મેટરનીટી હોમની ખાતમુહૂર્તવિધિ



સુરત મહાનગરપાલિકા ધ્વારા સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં નવનિર્મિત થનાર લખપતિ હેલ્થ સેન્ટર અને મેટરનીટી હોમની ખાતમુહૂર્તવિધિ મા.મેયર ર્ડા.કનુભાઈ જી.માવાણીના વરદ્ધહસ્તે તા.૨૧–૦૨–૨૦૦૮ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે કિનારી બજાર, નાણાવટ મેઈનરોડ ખાતે સંપન્ન થઈ.

વધુ માટે કલીક કરો >>>>>>

## સેન્ટ્રલ ઝોનની કામગીરી

સુરત શહેરના સેન્ટ્રલઝોન વિસ્તારમાં ગોપીપુરા જૈન પેઢી પાસે આવેલ વોર્ડ નં.૧૦ નોંધ નં.૧૩૯૩ વાળી મિલ્કતમાં સે.ઝોન/આ/નં.૨૯ તા.૨૩/૫/૦૬ થી મંજુર થયેલ પ્લાન મુજબ વિરુધ્ધ મિલ્કતદાર શ્રી રોહિતકુમાર એન.લાકડાવાલા ધ્વારા ભોંયતળીએ રસ્તા તરફે ૧.૫ મી નું માર્જીન કવર્ડ કરી રહેઠાણના બદલે દુકાન બનાવેલ. જે આશરે ૨૦૦ ચો.ફુટનું દુકાનની દિવાલો તથા ફલોરીંગ સ્લેબ દુર કરવામાં આવેલ છે. જેના ડીમોલીશન પેટે રૂા.૧૫,૦૦૦/–વસુલ લેવામાં આવેલ છે. જયારે વધારાનું બનાવેલ બેઝમેન્ટનું પુરાણ કરી દુકાનનો દુર કરેલ સ્લેબ ગ્રાઉન્ડ લેવલે પાર્કીગ થાય તે મુજબ કરવા બાંહેધરી લેવામાં આવેલ છે. જેની ડીપોઝીટ પેટે રૂા.૧,૦૦,૦૦૦/–નો ચેક લેવામાં આવેલ છે.

વધુમાં વોર્ડ નં.૭ નોંધ નં.૮૬/અ પૈકી વાળી મિલ્કતના પાર્કીગ ક્રીએશન ફીના નાણાં ભરપાઈ કરવા અવાર નવાર તાકીદ કરવા છતાં આજદિન સુધી નાણા ભરપાઈ ન કરતા બીપીએમસી એકટ–૨૬૮ મુજબની મિલ્કત સીલ કરવાની નોટીસ બજાવતા રૂા.૪,૪૦,૦૦૦/–ના ચેક જમા કરાવેલ છે.

ઉપરોકત કામગીરી આસી.કમિશ્નરશ્રીના માર્ગદર્શન હેઠળ કાર્યપાલક ઈજનેરશ્રીની સુચનાથી ડે.ઈજનેર તથા શહેર વિકાસ, દબાણ સ્ટાફ મારફતે સફળતા પુર્વક પૂરી પાડવામાં આવેલ છે.

TOP

## વરાછામાં આવેલ અમરદીપ સોસાયટી તોડવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ બાબત

પૂર્વઝોન(વરાછા)માં ટી.પી.સ્કીમ નં.૨૦ (નાના વરાછા–કપાદ્રા), ફા.પ્લોટ નં.૧૭,૮૯ અને ૯૮ માં મોતીનગરની સામે આવેલ અમરદીપ સોસાયટીની ફરતે ૧૨.૦, ૩૬.૦ તથા ૩૦.૦ મીટરના ટી.પી.રસ્તાઓ આવેલ છે. સદર સોસાયટીના ટી.પી. રસ્તા તરફે આવેલ પ્લોટ હોલ્ડરો ધ્વારા માર્જીનમાં મંજુર પ્લાન વિરુધ્ધ ગેરકાયદેસર બાંધકામ કરેલ હતું. જે અન્વયે મા.કમિશનરશ્રીની સુચના અનુસાર આજરોજ ફા.પ્લોટ નં.૧૭માં મંજુર પ્લાન વિરુધ્ધ કુલ–૧૦ પ્લોટ હોલ્ડરો ધ્વારા માર્જીનમાં કરેલ પ્લીન્થ લેવલ સુધીનું ગેરકાયદેસર બાંધકામ તથા ફા.પ્લોટ નં.૮૯ અને ૯૮ માં કુલ ૨૫ પ્લોટ હોલ્ડરો ધ્વારા માર્જીનમાં કરેલ પ્લીન્થ લેવલ સુધીનું તથા ૪ પ્લોટ હોલ્ડરો ધ્વારા સી.ઓ.પી.માં કરેલ પ્લીન્થ લેવલ સુધીનું બાંધકામ દુર કરવામાં આવેલ છે. જે મુજબ ફા.પ્લોટ નં.૧૭માં આશશ્રે કુલ ૬૩૦૦ ચો.ફુટ તથા ફા.પ્લોટ નં.૮૯ અને ૯૮માં આશરે કુલ ૨૨૦૦ ચો.ફુટ મળી કુલ આશરે ૮૫૦૦ ચો.ફુટ જેટલું પ્લીન્થ સુધીનું માર્જીનમાં કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ કરી જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી સીકયોરીટી સ્ટાફ, દબાણખાતાના સ્ટાફ, બે–જે.સી.બી.મશીન, ત્રણ–ટ્રક, ત્રણ–મઝદાની મદદથી પાર પાડવામાં આવેલ છે.

TOP

## કર્મચારીઓને મતદાન કરવા જઈ શકે તે માટે વારાફરતી ત્રણ કલાકની રજા આપવા અંગે

આગામી સુરત મહાનગરપાલિકાનાં ઈલેકશન વોર્ડ નં.૩૫ થી ૩૮ ની સામાન્ય ચુંટણી તા.૧૭–૦૨–૨૦૦૮ રવિવારનાં રોજ હોય, સુરત મહાનગરપાલિકાનાં ચુંટણી હેઠળનાં સમગ્ર હદ વિસ્તારમાં આવેલ જે સંસ્થાઓને મુંબઈ દુકાનો અને સંસ્થાઓનાં અધિનિયમ–૧૯૪૮ અન્વયે અઠવાડિક બંધમાંથી મુકિત આપવામાં આવી હોય તેવી સંસ્થાઓ જેવી કે દુકાનો, વાણિજય સંસ્થાઓ, રેસ્ટોરન્ટ, હોટલ અને સિનેમાગૃહ વિગેરેનાં માલિકોએ તેવી સંસ્થાઓમાં કામ કરતાં કર્મચારીઓને મતદાન કરવા જઈ શકે તે માટે વારાફરતી ત્રણ કલાકની રજા મળી રહે તેવો પ્રબંધ કરવાનો રહેશે. તેજ પ્રમાણે બહારગામનાં કર્મચારીઓ માટે જે તે દિવસોએ મતદાન કરી શકે તેવી રીતે રજા આપવા પ્રબંધ કરવા સુરત મહાનગરપાલિકાની એક યાદીમાં જણાવેલ છે.

TOP

# ગ્લોસ્ટર (યુ. કે.)ના મા. મેયર મી. હરજીત ગીલની સુરત મહાનગરપાલિકાની મુલાકાત



ગ્લોસ્ટર (યુ. કે.)ના મા. મેયર મી. હરજીત ગીલ સુરત મહાનગરપાલિકાની મુલાકાતે આવેલ. જેઓ ગ્લોસ્ટરના પ્રથમ એશિયન મેયર બન્યા છે. કમિશનરશ્રી એસ. અપર્ણાએ મેયરશ્રી હરજીત ગીલનું સ્વાગત કરતા જણાવ્યું કે સુરત શહેરની ઐતિહાસીક અને ભૌગોલીક પ્રશ્ચાદ ભૂ માં સુરતની હાલની વસ્તી, વિસ્તાર અને ગીચતા સાથે સુરત મહાનગરપાલિકાના વિવિધ પ્રકલ્પો અને વિકાસ કામોની ઝાંખી કરાવતા જણાવ્યું હતુ કે સુરત એક વિકાસ પામતુ શહેર છે. સુરત શહેરમાં ઘણા ઈન્ફ્રાસ્ટ્રકચરની કામગીરી ચાલે છે.

આ પ્રસંગે જુના સ્થાયી સમિતિ ખંડમાં સુરત મહાનગરપાલિકાના વિવિધ પ્રોજેકટોની માહિતી રજુ કરતુ પ્રેઝન્ટેશનનું આયોજન કરવામાં આવેલ. પ્રેઝન્ટેશનમાં સુરતનો ચોમેર વિકાસ નિહાળી તેઓ પ્રભાવિત થઈ તેઓ તરફથી સુરત શહેરના વિકાસ તેમજ વહીવટને લગતી બાબતો અંગે ઉંડો રસ લઈ પ્રશ્નોત્તરી કરી વિકાસની વધુ માહિતી મેળવેલ. તેઓએ સુરત મહાનગરપાલિકાની નાણાંકીય, સંચાલન, વ્યવસ્થા અને વહીવટી સુધારાની સરાહના કરી હતી. શહેરના ફલાય ઓવર બ્રીજ, રસ્તા, લાઈટ, સ્વચ્છતા, વૃક્ષોની ગ્રીનરી વગેરે જોઈ ખુબ પ્રભાવિત થયેલ. તા.૧૭–૦૨–૨૦૦૮નાં રોજ સરથાણા વોટર વર્કસ, પંડિત દિન દયાળ ઈન્ડોર સ્ટેડીયમ, બાયો મેડીકલ વેસ્ટ પ્લાન્ટ, ભટાર, સ્મીમેર, બાયો ગેસ પ્લાન્ટ, આંજણાની મુલાકાત લેનાર છે.

આ પ્રસંગે મેયરશ્રી, અધ્યક્ષશ્રી સ્થાયી સમિતિ, નેતા શ્રી શાસક પક્ષ, નેતા શ્રી વિરોધ પક્ષ, કમિશનરશ્રી તથા સુરત મહાનગરપાલિકાના વિભાગીય વડાશ્રીઓ હાજર રહયા હતા. આ પ્રસંગે ડે. મેયર શ્રીમતિ કૌશિકાબેન દેસાઈએ આભારવિધિ કરી હતી.

વધુમાં મેયરશ્રી હરજીત ગીલે આપસી સબંધોની સુમેળતા માટે પદાધિકારીઓ અને અધિકારીઓને ગ્લોસ્ટરની મુલાકાત માટે આમંત્રણ આપ્યુ હતુ.

TOP

# સુરત મહાનગરપાલિકાના શ્રીમતી ગાયત્રી જરીવાલાને સીનીયર સાયન્ટીસ્ટની કેટેગરીમાં મળેલ એવોર્ડ

**National Institute of malaria Research Delhi TYF National Vector Borne Diseases control program Delhi** ગત તા.૧૫/૨/૨૦૦૮ થી ૧૭–૨/૨૦૦૮ દરમ્યાન પૂરી–ઓરીસ્સા ખાતે **National Academy of Vector Borne Diseases Bhuvaneshwar** ના સાનિધ્યમાં **"Vector Borne Diseases"** વિષય પર ત્રણ દિવસનો **International Symposium** નું આયોજન કરવામાં આવેલ. સદર આંતરરાષ્ટ્રીય સીમ્પોસીયમમાં યુએસએ જાપાન, રસીયા, બેલ્જીયમ, યુ.કે, સ્વીટઝરલેન્ડ, બ્રાઝીલ, શ્રીલંકા, ઈરાન, મલેશીયા, ભુતાન, તથા ભારત વિ.દેશોના લગભગ ૪૦૦ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. જેમાં ઉપરોકત વિષયના નિષ્ણાંત, વૈજ્ઞાનિકો, અધિકારીઓ, પ્રોફેસર વિ.નો સમાવેશ થાય છે. ઉકત સીમ્પોસિયમને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન ડીપાર્ટમેન્ટ ઓફ સાયસન્સ એન્ડ ટેકનોલોજી, ડીફેન્સ, રીસર્ચ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન તથા અન્ય આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ તરફથી સ્પોન્સર કરવામાં આવેલ.



ઉપરોકત આંતરરાષ્ટ્રીય સીમ્પોઝીયમમાં સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોનના વીબીડીસી વિભાગ ખાતે આસી.જંતુનાશક અધિકારી તરીકે ફરજ બજાવતા શ્રીમતી ગાયત્રીબેન આર.જરીવાલા તરફથી **"The status of incurrence and the management Malaria in Central Zone of Surat City"** વિષય પર માહિતી સભર **Abstract** રજુ કરવામાં આવેલ. ઉકત **Abstract** પૂરી–ઓરીસ્સ ખાતેના **Symposium** માં પોસ્ટર પ્રેઝન્ટેશન માટે પસંદ કરવામાં આવેલ. યુએસએ, રસીયા, બેલ્ઝીયમ, સ્વીટઝરલેન્ડ, યુ.કે, રોમાનીયા, ઈરાન, ભારત સહિત વિવિધ દેશોના ૨૦૦ પ્રતિનિધિઓ તરફથી તેમના પોસ્ટર રજુ કરવામાં આવેલ. આ પોસ્ટર પ્રેઝન્ટેશનના જયુરી(જજ)ની પેનલમાં (૧) ડાં.આર.એચ.શર્મા જોઈન્ટ ડાયરેકટર એન.એ.એમ.પી.દિલ્હી (૨) ડાં.શીવા પિલ્લાઈ ડબલ્યુ.એચ.ઓ.જીનીવા તથા (૩) ડાં.ડોમા મેનો લંડન સ્કુલ ઓફ હાઈજીન એન્ડ ટ્રોપીકલ મેડીસીન લંડન, યુ.કે. નો સમાવેશ થયેલ. ઉકત પેનલ તરફથી સીનીયર સાયન્ટીસ્ટની કેટેગરીમાં ત્રીજા ક્રમના એવોર્ડ માટે શ્રીમતી ગાયત્રી જરીવાલાનું નામ સીલેકટ કરવામાં આવેલ. સદર એવોર્ડ સીમ્પોસીયમમાં આખરી દિવસે યોજાયેલ ભવ્ય સમારંભમાં મુખ્ય અતિથી હેલ્થ એટેચી યુએસ એમ્બેસી, નવી દિલ્હી ડાં.અલ્તાફલાલની હાજરીમાં ડાં.જે.પી.નારાયણ, ડાયરેકટર, સીડી, ડબલ્યુ.એચ.ઓ.(**WHO**) ના હસ્તે એનાયત કરવામાં આવેલ. સદર એવોર્ડમાં શ્રીમતી ગાયત્રી જરીવાલાને ચાંદીનું મેડલ પ્રમાણપત્ર તથા રોકડ રૂા.૨૦૦૦/– એનાયત કરવામાં આવેલ.

સુરત મહાનગરપાલિકા તેના અધિકારીની સફળતાથી ગૌરવની લાગણી અનુભવે છે. તેમજ ભવિષ્યમાં સંસ્થાનું નામ રોશન કરે તેવી અભ્યર્થના કરે છે.

TOP

## પૂર્વઝોન(વરાછા)માં પ્રતિબંધિત પ્લાસ્ટીકની થેલી અને માવાના કાગળો રાખવા તેમજ જાહેર ન્યુસન્સ અટકાવવા માટે લેવાયેલ પગલા

સરકારશ્રીના પરિપત્ર અનુસાર ''નિર્મળ ગુજરાત – નિર્મળ સુરત વર્ષ ૨૦૦૮'' અન્વયે શાળાઓની આસપાસ ૧૦૦ મીટર વિસ્તારમાં પાન/માવા/ગુટખા/તમાકું વેચાણ કરવા બદલ તેમજ પાનગલ્લાઓ પર પ્રતિબંધિત માવાના કાગળો વાપરવા બદલ અને શાકમાર્કેટ વિસ્તારમાં પ્રતિબંધિત પ્લાસ્ટીકની થેલીઓ વપરાશ કરવા બદલ અને આ રીતે જાહેર ન્યુસન્સ કરવા બદલ સુરત મહાનગરપાલિકા પૂર્વઝોન(વરાછા) ખાતે મા.કમિશનરશ્રીની સુચના મુજબ તેમજ ઝોનલ ચીફશ્રી જે.કે.શાહ માર્ગદર્શન હેઠળ આજરોજ કુલ ૨૪૭ જેટલા ઈસમો પાસેથી ૩૦૭૫૦.૦૦ દંડ પેટે વસુલવામાં આવેલ છે. અને ૨૮ કિ.ગ્રા.જેટલા પ્રતિબંધિત પ્લાસ્ટીક કોથળીઓ/માવાના કાગળો જપ્ત કરવામાં આવેલ છે.

TOP

# લખપતિ હેલ્થ સેન્ટર અને મેટરનીટી હોમની ખાતમુહૂર્તવિધિ



સુરત મહાનગરપાલિકા ધ્વારા સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં નવનિર્મિત થનાર લખપતિ હેલ્થ સેન્ટર અને મેટરનીટી હોમની ખાતમુહૂર્તવિધિ મા.મેયર ર્ડા.કનુભાઈ જી.માવાણીના વરદ્ઙહસ્તે તા.૨૧–૦૨–૨૦૦૮ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે કિનારી બજાર, નાણાવટ મેઈનરોડ ખાતે સંપન્ન થઈ.

આ પ્રકલ્પની અંદાજીત કિંમત રૂા.૯૬ લાખ, જેમાં ભોંય તળીયા સહિત ત્રણ માળ મળી કુલ ક્ષેત્રફળ ૯૭૦૮.૨૭ ચો. ફુટનું બાંધકામ કરવામાં આવશે. જેમાં ભોંયતળિયુ : પાર્કિંગ, ઓફિસ, સ્ટોર, બાયોમેડીકલ વેસ્ટ રૂમ, કાઉન્સેલર રૂમ અને ટોયલેટ બ્લોકની સમાવેશ કરવામાં આવશે. પ્રથમ માળે કન્સલ્ટીંગ રૂમ, વેઈટીંગ રૂમ, ઓપરેશન થીયેટર, પ્રિપેરેશન રૂમ, લેબર રૂમ, મેડિકલ ઓફિસર રૂમ–૨, લેબોરેટરી, ટી. બી. રૂમ અને ટોયલેટ બ્લોક, બીજા માળેદ જનરલ વોર્ડ, સ્પે. રૂમ, મેડીશન રૂમ, વેકશીનેશન રૂમ અને ડ્રેસીંગ રૂમ તેમજ ત્રીજા માળે ડોકટર તથા નર્સ કવાર્ટરનું આયોજન કરવામાં આવેલ છે.

ઉપરોકત સમારંભમાં મા. ડે.મેયર શ્રીમતી કૌશિકાબેન પી.દેસાઈ, સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી મુકેશભાઈ દલાલ, શાસક પક્ષના નેતા ર્ડા.જગદીશભાઈ પટેલ, કમિશન શ્રી એસ. અર્પણા, જાહેર બાંધકામ સમિતિના અધ્યક્ષશ્રી નીતીનભાઈ ભજીયાવાળા (ઠકકર), સદસ્યશ્રીઓ, અધિકારીગણ તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવેલ.

TOP